રાત્રિના અંધકારમાં ચેકિંગ દરમિયાન નવ રેતીના ડમ્પર શંકાસ્પદ હાલતમાં ઝડપાયા

જિલ્લા વહીવટી તંત્રના આદેશથી બોડેલી મામલતદાર મેદાને : શંકાસ્પદ ૯ હાઈવા જપ્ત

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરના આદેશ અનુસાર બોડેલી પંથકમાં રેતી ભરેલા શંકાસ્પદ ડમ્પરો સામે વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે બોડેલી મામલતદારે મોડી રાત્રે ચેકિંગ દરમિયાન રેતી ભરેલા 9 જેટલા શંકાસ્પદ ડમ્પર ઝડપી પાડ્યા હતા.



મળતી માહિતી મુજબ, બોડેલીના મોડાસર ચોકડી પાસે રાત્રિના 12 વાગ્યા બાદ મામલતદાર દ્વારા વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન રેતી ભરેલા 9 જેટલા ડમ્પરો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તંત્ર દ્વારા ડમ્પરોમાં ભરેલી રેતીનું વજન કરાવવામાં આવતા રોયલ્ટીમાં દર્શાવેલી મર્યાદા કરતાં વધુ રેતી ભરેલી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

ચેકિંગ દરમિયાન કેટલાક ડમ્પરોમાંથી પાણી ટપકતું હોવાનું પણ જાણવા મળ્યું હતું. મામલતદારે સમગ્ર બાબતની નોંધ લઈ તમામ ડમ્પરોને કબજામાં લીધા હતા અને આગળની તપાસ તથા કાર્યવાહી માટે ખનીજ વિભાગને સોંપ્યા હતા. રાત્રિ દરમિયાન ખનીજ વિભાગની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ડમ્પરો અંગે જરૂરી તપાસ હાથ ધરી હતી.

કલેક્ટરના આદેશ બાદ રાત્રિના સમયે હાથ ધરાયેલી આ કાર્યવાહીને પગલે રેતીના વહન સાથે સંકળાયેલા વાહનચાલકોમાં ચર્ચા જોવા મળી રહી છે. ઝડપાયેલા તમામ ડમ્પરો અંગે તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હવે ડમ્પરોમાં રેતીના ખનન અને વહન માટે જરૂરી પરવાનગી, રોયલ્ટી તથા અન્ય નિયમોનું પાલન થયું છે કે નહીં તેની તપાસ કરવામાં આવશે. તપાસના આધારે નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

ડભોઈ કોમર્સ કોલેજમાં સ્ટાર્ટઅપ અંગે માર્ગદર્શન કાર્યક્રમ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.3

ડભોઈ કોમર્સ કોલેજ ખાતે SSIP ગુજરાત અને ડભોઈ કોલેજના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને નવા વિચારોને નવીનતા તથા સ્ટાર્ટઅપમાં રૂપાંતરિત કરી આત્મનિર્ભર બનવા પ્રેરણા આપતો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 200થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના SSIP કોઓર્ડિનેટર ડૉ. મૌનિક જાની મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. એચ.એમ. બારોટે વિદ્યાર્થીઓને નોકરી શોધનાર નહીં, પરંતુ રોજગાર આપનાર બનવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં વિવિધ કોલેજોના પ્રિન્સિપાલો સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સોસાયટી ન ચૂકવે તો પ્રમુખ-મેનેજરે અંગત રીતે ભરપાઈ કરવી પડશે

બોડેલી કોર્ટનો ચુકાદો: જલારામ મહિલા ક્રેડિટ સોસાયટીએ ૧.૨૦ લાખ વ્યાજ સાથે પરત કરવા આદેશ

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

બોડેલી કોર્ટે શ્રી જલારામ મહિલા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ, બોડેલી સામેના દાવામાં મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સોસાયટીને થાપણદારના વારસદારોને ૧,૨૦,૦૦૦ મૂળ રકમ વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો છે.

બોડેલીના અબ્દુલભાઈ ખત્રીએ તા. ૦૮/૦૭/૨૦૧૯ના રોજ સોસાયટીની "જલારામ પેન્શન યોજના" હેઠળ ૭૨ માસ માટે ૧,૨૦,૦૦૦ની થાપણ મૂકી હતી. બાદમાં સોસાયટીના વહીવટમાં ગરબડ સર્જાતાં થાપણદારોને નાણાં પરત મળ્યાં નહોતાં. આથી સોસાયટી બંધ કરી તેનો તમામ વહીવટ જિલ્લા સબ રજિસ્ટ્રારે સંભાળી લીધો હતો.

અબ્દુલભાઈ ખત્રીએ મૂળ રકમ અને વ્યાજ માટે વર્ષ ૨૦૧૯માં વકીલ મારફતે નોટિસ આપી હતી. રકમ ન મળતાં વર્ષ ૨૦૨૦માં તેમણે કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. દાવા દરમિયાન અબ્દુલભાઈનું અવસાન થતાં તેમનાં પત્ની કૌસરપરવીન અને બે પુત્રીઓ ફરિયાદી બન્યાં હતાં.

સુનાવણી દરમિયાન સોસાયટી, તેના પ્રમુખ અને મેનેજરે કોઈ જવાબ કે પુરાવો રજૂ કર્યો નહોતો, તેમજ તેઓ કોર્ટમાં હાજર પણ રહ્યા નહોતા. બીજી તરફ, વારસદારોએ અસલ થાપણ પાવતી, સેવિંગ બુક અને શેર સર્ટિફિકેટ રજૂ કર્યાં હતાં. આ પુરાવાના આધારે કોર્ટે થાપણ અને રકમ બાકી હોવાની હકીકત સાચી ઠેરવી હતી.

કોર્ટનો હુકમ: સોસાયટીએ ૧,૨૦,૦૦૦ મૂળ રકમ ચૂકવવી. તા. ૦૮/૦૭/૨૦૧૯ થી ૦૮/૦૭/૨૦૨૨ સુધી વાર્ષિક ૧૨ ટકા વ્યાજ ચૂકવવું. તા. ૦૯/૦૭/૨૦૨૨ થી રકમ ચૂકવાય ત્યાં સુધી વાર્ષિક ૮ ટકા સાદું વ્યાજ ચૂકવવું. સોસાયટી ન ચૂકવે તો પાવતી પર સહી કરનાર પ્રમુખ અને મેનેજરે વ્યક્તિગત રીતે રકમ ચૂકવવી.

પીપળશટ થી અરીઠા સુધીના ૧ કિમી રોડનું ખાતમુહૂર્ત

વિકાસના નવા માર્ગની શરૂઆત

(પ્રતિનિધિ) સંખેડા, તા. 3

સંખેડા તાલુકામાં વિકાસની નવી શરૂઆત થઈ છે. પીપળશટ થી અરીઠા સુધીના 1 કિલોમીટરના રોડના ખાતમુહૂર્ત સાથે ગ્રામ વિકાસ તરફ વધુ એક મહત્વપૂર્ણ પગલું આગળ વધ્યું છે.



આ ખાતમુહૂર્ત પ્રસંગે સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહ તડવીજી, અર્જુન વસાવા, ગુંડીચા તાલુકા પંચાયત સદસ્ય દિનેશભાઈ રોહિત, શૈલેષ વસાવા મહામંત્રીશ્રી સંખેડા તાલુકા ભાજપ, અતુલ પટેલ, હરેશ રબારી ઉપપ્રમુખયુવા મોરચા સંખેડા તાલુકા ભાજપ, યશ પંચાલ સહિત સરપંચશ્રીઓ, આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, રસ્તો માત્ર માર્ગ નથી, પણ વિકાસ, સુવિધા અને પ્રગતિ તરફનું જોડાણ છે. આ રોડ બનવાથી પીપળશટ અને અરીઠા ગામના લોકોને અવરજવરમાં સરળતા રહેશે અને ખેડૂતોને પણ મોટો ફાયદો થશે.

જબુગામની આંગણવાડીમાં 'આંગણ ઉત્સવ' યોજાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

જબુગામ ખાતે જબુગામ-1, 2, 3 અને 4ની આંગણવાડીના સંયુક્ત ઉપક્રમે નાના ભૂલકાઓના વિકાસ અને આનંદ માટે 'આંગણ ઉત્સવ' યોજાયો હતો. કાર્યક્રમમાં બાળકો અને વાલીઓ માટે વિવિધ આનંદદાયક તથા વિકાસલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. ઉત્સવનો હેતુ બાળકોના સર્વાંગી વિકાસ સાથે વાલીઓની સહભાગિતા વધારવાનો હતો. કાર્યક્રમમાં બોડેલી તાલુકા આંગણવાડી સુપરવાઇઝર, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય ભાર્ગવભાઈ ચૌહાણ, જબુગામ સરપંચ પતિ દિલીપભાઈ, ભાજપ મહિલા મોરચાના ખ્યાતિબેન પંચોલી, ચેતનાબેન સહિત વાલીઓ અને આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ONGCની પહેલથી પાદરા ડેપો બન્યું સ્વચ્છતામય

મુસાફરો અને ST કર્મચારીઓને સ્વચ્છતા જાળવવા જાગૃત કરાયા

(પ્રતિનિધિ) પાદરા, તા. 3

પાદરા એસ.ટી. ડેપો ખાતે ONGC ના અધિકારીઓ અને ડેપો તંત્રની હાજરીમાં સ્વચ્છતા જાગૃતિ અર્થે ભીંત ચિત્રો (Wall Paintings) બનાવવામાં આવ્યા.પાદરા એસ.ટી. ડેપો પરિસર ખાતે ઓ.એન.જી.સી. (ONGC) દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ONGC ના ચીફ મેનેજર(એચ.આર. / સી.એસ.આર.) બિન્દુ પ્રશાદ નાયર, સીનિયર એચ.આર. એક્ઝિક્યુટિવ જીતેન્દ્ર લાલવાની, સીનિયર એચ.આર. એક્ઝિક્યુટિવ જસમીતસિંગ તેમજ પાદરા એસ.ટી. ડેપો મેનેજર અને એ.ટી.આઈ. ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અધિકારીઓની ગરિમામય હાજરીમાં પાદરા ડેપોના પ્રીમાઈસીસ ખાતે આવેલ દીવાલો પર સ્વચ્છતા અંગે સંદેશ આપતા આકર્ષક ભીંત ચિત્રો (Wall Paintings) દોરવામાં આવ્યા હતા. આ ચિત્રો દ્વારા ડેપો ખાતેથી પસાર થતા હજારો મુસાફરો અને એસ.ટી. સ્ટાફને જાહેર સ્થળો પર સ્વચ્છતા જાળવવા તેમજ પોતાના આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે પ્રેરિત અને જાગરૂક કરવામાં આવ્યા હતા.

છાણભોઈ આંગણવાડીમાં 'આંગણ ઉત્સવ' યોજાયો

(પ્રતિનિધિ) શિનોર, તા.3

તાલુકાના છાણભોઈ ગામે આંગણવાડી ખાતે 'આંગણ ઉત્સવ' યોજાયો હતો. જેમાં બાળકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો માટે રમકડાં, રંગોળી, ચિત્ર સ્પર્ધા સહિતની શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. રમતાં-રમતાં શીખવા તથા બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો. પ્રસંગે ડેપ્યુટી સરપંચ સુરેશભાઈ કાંતિભાઈ પટેલ, આંગણવાડી કાર્યકર ઈલાબેન સહિત વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણ અને પોષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમથી બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

સંખેડા કોલેજના ખેલાડીઓએ ગોલ્ડ-સિલ્વર જીત્યા





(પ્રતિનિધિ) સંખેડા, તા. 3

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે તા. 01/10/2026 ના રોજ ઈન્ટર કોલેજ જુડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડાના વિદ્યાર્થીઓએ પ્રા. વી.એન. ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. જેમાં કોલેજના બે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંખેડા કોલેજનું ગૌરવ વધાર્યું છે.

ચૌહાણ આદિત્ય યોગેન્દ્રભાઈએ 66 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ અને બારીયા ક્રિશ મહેન્દ્રભાઈએ 81 કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી તથા સર્વે સ્ટાફ મિત્રોએ બંને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી.

છોટાઉદેપુરમાં વનરક્ષક-વનપાલ કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવાની માંગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3

ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા રાજ્યના વનરક્ષક અને વનપાલ સંવર્ગના કર્મચારીઓના લાંબા સમયથી પડતર વિવિધ પ્રશ્નોનું નીતિગત અને માનવીય ધોરણે નિરાકરણ લાવવા માંગ કરવામાં આવી છે. આ અંગે મંડળ દ્વારા વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજ્ય સરકારને આવેદનપત્ર પાઠવી વહેલી તકે પ્રશ્નો ઉકેલવા રજૂઆત કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ વનરક્ષક અને વનપાલ કર્મચારીઓ વન, વન્યજીવ અને પર્યાવરણના સંરક્ષણની મહત્વપૂર્ણ જવાબદારી નિભાવે છે. પ્રતિકૂળ વાતાવરણ અને જંગલ વિસ્તારમાં ફરજ દરમિયાન તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમ છતાં લાંબા સમયથી પડતર પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવ્યું ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



કર્મચારી મંડળે કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરવા તેમજ વધારાની કામગીરી સહિતના પ્રશ્નો ઉકેલવાની માંગ કરી છે.

નસવાડીના જોખમી ધોધમાં યુવાનનું ડૂબી જવાથી મોત

(પ્રતિનિધિ) નસવાડી, તા. 3

તાલુકાના કુકરદા ગામે ધોધમાં નાહવા ગયેલા નર્મદા જિલ્લાના રાજપીપળા સ્થિત જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં એમબીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા યુવાનનું ડૂબી જવાથી મોત થયું હતું. પીએમ બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

નસવાડી તાલુકાના ધારસીમેલ, કુકરદા અને ખોખરા ગામના ધોધ પર મોટી સંખ્યામાં લોકો નાહવા આવે છે. તેમ છતાં જોખમી સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા કે નાહવા અંગે પ્રતિબંધની સૂચના આપતા બોર્ડ મૂકવામાં આવ્યા ન હોવાના આક્ષેપો ઉઠ્યા છે. પાણીની ઊંડાઈ અંગે પણ મુલાકાતીઓને જાણકારી મળતી નથી. યુવાનના મૃતદેહને બહાર કાઢી આશરે બે કિલોમીટર સુધી સ્ટ્રેચર પર લઈ જવો પડ્યો હતો. ધોધ પર તાત્કાલિક સુરક્ષા વ્યવસ્થા અને જરૂરી તકેદારી રાખવાની માંગ ઉઠી છે.

ઉમેટા બ્રિજ પર આત્મહત્યા રોકવા બંને બાજુ જાળી લગાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

ઉમેટા બ્રિજ પરથી નદીમાં કૂદીને આત્મહત્યા કરવાના બનતા દુઃખદ બનાવો પર અંકુશ મેળવવા માટે અંતે વહીવટી તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા ઉમેટા બ્રિજની બંને બાજુએ ઊંચી સુરક્ષા જાળી લગાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. તંત્રના આ પ્રજાભિમુખ નિર્ણયથી સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકોમાં ભારે રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે. મહી નદી પર આવેલો ઉમેટા



બ્રિજ છેલ્લા કેટલાક વર્ષોથી આત્મહત્યાના બનાવો માટે અતિ સંવેદનશીલ સ્થળ બની ગયો હતો.

અવારનવાર વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા લોકો અહીંથી નદીમાં છલાંગ લગાવીને પોતાનું જીવન ટૂંકાવતા હોવાના અહેવાલો સામે આવતા હતા. આ પરિસ્થિતિને અટકાવવા માટે સ્થાનિક ગ્રામજનો અને સામાજિક આગેવાનો દ્વારા બ્રિજ પર લોખંડની મજબૂત સુરક્ષા જાળી લગાવવા માટે લાંબા સમયથી તંત્ર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી રહી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય
PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

જુના AC લેવામાં
આવશે ચાલુ કે બંધ હાલતમાં જૂના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo: 9316100413

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેકટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

મિલ્કત વેચવાની છે
ફ્લેટ વેચવાનો છે
ફર્નિચર સાથે ગ્રીનસીટી, પાલ Mo. 9924804455

2 BHK
કુલ ફર્નિશ્ડ ફ્લેટ જહાંગીરાબાદમાં વેચાણથી આપવાનો છે. Mo. 9875085968

ડુમસમાં ફાર્મ
હાઉસ વેચાણથી આપવાનો છે. Mo. 9662140043

2 BHK ફ્લેટ
વેચવાનો છે. રાજહંસ કેમ્પસ, પાલમાં WhatsApp 9978936979 (346)

ઘર વેચવાનું છે
૧૩/ ૨૦૨, વાસ્તુશિલ્પ, બી- બિલ્ડીંગ, ટીજીબી હોટલ બાજુમાં, અડાજણ, સુરત. મો. 8469506761

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ: કાળા વ્યારા કણજા. Mo. 9687580001

માઁ ખોડિયાર જ્યોતિષ
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નોકરી અને વ્યાપાર રૂકાવટ,પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ,ઉપરોકત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

Open Plot For Sale
2700 Sq. Ft. Pushp Vihar Society, Near Jai Shankar Party Plot, Navsari. Contact 9426223351

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

ખેતી લાયક
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

માઁ ચામુડા જ્યોતીષ
પતા - ચોકસી વાડી, અડાજન, સુરત
હમારે યહાં પર હસ્ત રેખા જન્માક્ષર દેખકર જિવન કા પુરા પુરા હલ બતાયા જાતા જેશે કિ કારોબાર ઘર મેં કંકાસ સાસ બહુ મેં ઝગડા, વિદેશ યોગ, પ્રેમ, પ્યાર, સોતન સે છુટકારા કિયા કરાયા વસી કરણ। (સ્પેશ્યાલિસ્ટ)
Mo.7862990838

2.15 વિઘા
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ Mo. 9687580001

વેચવાનો છે
2850 વારનો પ્લોટ પેટ્રોલ- પંપ લાયક ડામર રોડટચ, નવા કોસ્ટલ હાઈવે પાસે, ફ્રી હોલ્ડ પ્લોટ, કુદીયાણા ગામ પાસે, જહાંગીરપુરા દાંડીરોડ. Mobile: 9898076797

સસ્તા ભાવે પ્લોટ
વેચાણ. 100થી 300 વાર. પાલ. 9909601200

પ્લોટ વેચવાનો છે.
આત્મીયવિલા સોસાયટીમાં (કામરેજ) દલાલો આવકાર્ય.
9925024239

નવાં બિલ્ડીંગમાં ફ્લેટ
વેચાણ આપવાના છે. 3/4 BHK. પાલ. 9909601200

રોહાઉસ વેચવાનું છે.
100 વાર. 4 BHK. અડાજણ. 9909601200

વ્યવસાયીક આરોગ્ય વિષયક
હેલ્થ ઈઝ વેલ્થ
યોગા પ્રાણાયામ પર્સનલી શીખો 99258-36015

મિલ્કત ભાડેથી
3 BHK ફ્લેટ
જહાંગીરાબાદમાં ભાડે આપવાનો છે. M. 9875085968

ફાર્મ હાઉસ
વેચવાના છે.
અંબિકા નદીના કિનારે, રેડી પઝેશન, સ્વીમીંગ પુલ સાથેના
Mo.90996 54868

TGB પાસે
કુલ ફર્નિશ્ડ રો-હાઉસ ભાડેથી આપવાનો છે. Mo. 9662140043

ડુમસમાં
ફાર્મ હાઉસ ભાડેથી આપવાનો છે. Mo. 7435035156

નોકરી વિષયક
કોલિંગ અને ડેટા
એન્ટ્રી માટે ફુલટાઈમ ફિમેલ સ્ટાફ જોઈએ છે. નાનપુરા 9978675757

પટાવાળો જોઈએ છે
અડાજણ વિસ્તારમાં રહેનાર , કોન્ટેક્ટ:- 9825142807 (344)

ગુજરાતી ફોન્ટ LMG
ટાઈપિસ્ટની જરૂર છે MO. 7359725491 (345)

ભાડેથી આપવાનું છે
રેસીડેન્ટસલ મકાન તથા ગોડાઉન ૬/૮૮૮-૮૮૯, હરીપુરા ભાઈશેરી, કબૂતરખાના પાસે, પીરછડી મેઈન રોડ, સુરત. જોવા માટે સાંજે ૪ થી ૬.
:Contact: 99980 85500

જોઈએ છે
મીકેનીકલ એન્જીનીયર/ ડીપ્લોમાં મીકેનીકલ એન્જીનીયર, કમ્પ્યુટર ઓપરેટર બાયોડેટા સાથે રૂબરૂ મળો. (મંગરવારથી શનિવાર 12થી 5 દરમિયાન) મેટ્રો સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ બી- 244, નવી વસાહત, ઉધ્યોગનગર, ઉધના

મિલ્કત ભાડે-લેવાણ
વેચાણ / ભાડેથી
લોઅર ગ્રાઉન્ડ આશરે 2200 સ્કેવર ફુટ. પીપલોદ કારગીલ ચોક, CA ઓફીસ, આર્કિટેક, ટ્રાવેલ એજન્સી લાયક મો.- 9898078904

ભાડેથી આપવાની છે
મજુરાગેટ ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC) બિલ્ડીંગમાં ૭૦૦૦ સ્કે.ફૂટની રોડ સાઈડ ની કુલ ફર્નિચર ટોપ લોકેશનની ઓફીસ
ચિન્ટુ સોલંકી 9925715955

નાની ઓફિસ ભાડેથી
- વેચાણથી આપવાની ઓનલાઈન / કોસ્મેટિક સપ્લાય /મોડલિંગ અન્ય ટ્રેડ હાઉસ, રિંગરોડ 9228207838

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ
કાશ્મીર વૈષ્ણોદેવી
અમૃતસર વાઘાબોર્ડર દિવસ 12 ભાઈબીજે સ્લીપર બસ, 6352474903

સ્વપ્ન ટ્રાવેલ્સ
53 વર્ષમાં પ્રવેશ, દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉટી, માયસોર, બેંગ્લોર. દિવસ-14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19 અને દિવસ-12, પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

મિલ્કત ભાડેથી
ગૌરવ પથ ઉપર
2 BHK ફુલ ફર્નિશ્ડ ફ્લેટ ભાડેથી આપવાનો છે. 7435035156

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.